B.S.N.L. EMPLOYEES UNION
GUJARAT CIRCLE

M.K. Dave
Circle Secretary, BSNLEU

06.08.2009

# 48 Hrs. STRIKE ON 19 & 20 AUGUST, 2009

૪૮ કલાક ની હડતાળ સંપૂર્ણ હડતાળ ની નોટીસ તા. 31.07.2009 ના રોજ મેનેજમેન્ટ ને આપી દેવામાં આવી છે. BSNL ના કર્મચારીઓ એ સંપૂર્ણ હડતાળ ની તૈયારીઓ જોરશોર થી શરૂ કરી દીધી છે. BSNLEU તરફથી અન્ય યુનિયનો ને પણ કર્મચારીઓ ના પ્રાણપ્રશ્નો માટે થઈ રહેલ હડતાળ માં જોડાવા માટે પત્ર લખવામાં આવ્યો છે. આશા રાખીએ કે અન્ય યુનિયનો પણ BSNLEU ની મુખ્ય ધારામાં ભળીને કર્મચારીઓ ના પ્રાણપ્રશ્નો ના સમાધાન માટે થઈ રહેલ સંઘર્ષમાં તેમનો પણ ફાળો આપશે.

Wage Revision, Promotions, Anomaly, Casual / Contract Labour Wages, સેવાઓ નિવૃત કર્મચારીઓ ના પ્રશ્નો હાલ માં પ્રાણ પ્રશ્નો બની રહયા છે. આવનારો સમય બતાવશે કે કર્મચારીઓનું હિત કોને મહત્વનું છે અને કોને મેનેજમેન્ટ નું હિત મહત્વનું છે. કોણ મેનેજમેન્ટ ને સાથ આપશે તે આવનાર સમય કહેશે. યુનિયનો વચ્ચે ના મતભેદો અને હરિફાઈ કરતાં કર્મચારીઓ ના પ્રશ્નો વધુ અગત્યના છે. 1997 પછી COAL SECTOR ના બધા જ કામદારો એ સંગઠિત થઈને સંઘર્ષ કર્યો અને છેલ્લા 10 વર્ષો માં 52% Fitment નો લાભ મેળવ્યો. આપણે વધુ સારા લાભો અને પાંચ વર્ષે Wage Revision નું Agreement નથી જોઈતું ? ચોકકસ જોઈએ છે.

આપણી સઘળી માંગણીઓ ખુબજ વ્યાજબી, સંપૂર્ણ સાચી છે જે મેળવવા માટે આપણે સંઘર્ષ કરવો પડશે. આવો સાથીઓ સંગઠિત થઈએ. સંઘર્ષ કરીએ અને આપણા હકકો મેળવીને જ જંપીએ.

New Telephone Exchange, NAVSARI - 396445. email : mkkdave@gmail.com 094273 45333